RAN-2408000603010001

# RAN-2408000603010001

## Bachelor of Commerce (NCF-NEP) (Sem.- III) Examination November - 2025

## Major - Business Administration

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

(2) Sketch neat and labelled diagram wherever necessary.

(3) Figure to the right indicate full marks of question.

(4) All questions are compulsory.

Seat No.:

Student's Signature

**પ્ર.1. ટૂંકમાં જવાબ આપો (કોઈ પણ પાંચ)** **10**

1. કર્મચારી સંચાલન એટલે શું?
2. માનવ સંસાધન આયોજનાને અસર કરતા બાહ્ય પરિબળો માત્ર જણાવો.
3. ઉત્તરાધિકાર આયોજન એટલે શું?
4. મજુર સંઘના ચાર કાર્યો માત્ર જણાવો.
5. ઘેરાવો એટલે શું?
6. ઈ ટ્રેનીંગનો અર્થ આપો.
7. બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ એટલે શું?

**પ્ર.2.** માનવ સંસાધન આયોજનની પ્રક્રિયાના તબક્કાઓ વિસ્તારથી સમજાવો. **14**

**અથવા**

**પ્ર.2.** અ. માનવ સંસાધન સંચાલનની લાક્ષણિકતાઓ સમજાવો. **7**

બ. માનવ સંસાધન જુસ્સા પર નોંધ લખો. **7**

**પ્ર.3.** ઔદ્યોગિક ઝઘડાના ઉકેલની પદ્ધતિઓ ચર્ચો. **14**

**અથવા**

**પ્ર.3.** અ. સફળ કારકિર્દી આયોજન માટેની આવશ્યક શરતો વર્ણવો. **7**

બ. અધિકારી વિકાસની કામ પરની પદ્ધતિઓની ટૂંકમાં ચર્ચા કરો. **7**

**પ્ર.4. અ. નોંધ લખો. (ગમે તે એક)** **6**

1. નૈતિક મુદ્દાઓ.
2. મજુર સંઘની ફરજો
3. તાલીમના ફાયદાઓ.

**બ. કેસ સ્ટડી** **6**

સૂર્યોદય ટેક્સ્ટાઈલ મિલ્સ, સુરત સ્થિત એક જુની અને પ્રતિષ્ઠિત કાપડ ઉત્પાદન કંપની છે. આ કંપની છેલ્લા 40 વર્ષથી કાર્યરત છે અને તેના ઉત્પાદનોની ગુણવત્તા માટે તે જાણીતી છે. જોકે, છેલ્લા કેટલાક

વર્ષોથી, કંપનીને બદલાતા બજાર, ટેકનોલોજીકલ પ્રગતિ અને નવી પેઢીના કર્મચારીઓની અપેક્ષાઓને કારણે કેટલાક ગંભીર પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

કંપનીના મેનેજમેન્ટે ફેક્ટરીના આધુનિકીકરણ માટે નવી ઓટોમેટેડ મશીનરી ખરીદવાનું નક્કી કર્યું છે. આ નવા મશીનો ઉત્પાદન ક્ષમતા વધારશે અને ખર્ચ ઘટાડશે, પરંતુ તેના માટે જૂના અને ઓછા ભણેલા કર્મચારીઓને નવી તાલીમ આપવાની જરૂર પડશે. પરંતુ કંપનીના મોટાભાગના કર્મચારીઓ દાયકાઓથી કામ કરી રહ્યા છે. તેઓ નવા ઓટોમેટેડ મશીનો ચલાવવા માટે જરૂરી ટેકનિકલ કુશળતા ધરાવતા નથી. તેમને નવી તાલીમ આપવી એ એક પડકાર છે કારણ કે તેઓ પરિવર્તનનો પ્રતિકાર કરી રહ્યા છે.

સાથે જ, નવા ટેકનિકલ જાણકારી ધરાવતા એન્જિનિયરો અને સુપરવાઈઝરની ભરતી કરવી પણ જરૂરી છે. પરંતુ, સૂર્યોદય ટેક્સટાઈલ મિલ્સ જેવી પરંપરાગત કંપનીઓ નવી પેઢીના કર્મચારીઓ માટે એટલી આકર્ષક નથી.

તદ્ ઉપરાંત જૂના અને નવા કર્મચારીઓ વચ્ચે કામ કરવાની પદ્ધતિઓ અને કાર્યસંસ્કૃતિને લઈને સંઘર્ષ થવાની શક્યતા છે. જૂના કર્મચારીઓ નવી પદ્ધતિઓ અપનાવવા તૈયાર નથી, જ્યારે નવા કર્મચારીઓ જૂની પરંપરાઓને પડકારી શકે છે.

તમે સૂર્યોદય ટેક્સટાઈલ મિલ્સના નવા માનવ સંસાધન મેનેજર તરીકે નિયુક્ત થયા છો. તમે આ પરિસ્થિતિને ઉકેલવા માટે કયા પગલાં લેશો?

## ENGLISH VERSION

**Q.1. Answer in short (Any FIVE).** **10**

1. What is personnel management?
2. Mention only the external factors affecting human resource planning.
3. What is succession planning?
4. Mention only the four functions of a Trade union.
5. What is Gheraos (encirclement)?
6. Give the meaning of e- training.
7. What is business process outsourcing?

**Q.2.** Explain the stages of the human resource planning process in detail. **14**

**OR**

A. Explain the characteristics of Human Resource Management. **7**

B. Write a note on Human Resource morale. **7**

**Q.3.** Discuss the methods of resolving industrial disputes. **14**

**OR**

A. Describe the essential conditions for successful career planning. **7**

B. Discuss briefly the methods of On the Job Executive development. **7**

**Q.4. A Write a note. (Any One)** **6**

1. Ethical Issues
2. Duties of trade union
3. Benefits of training.

**B. Case study** **6**

Suryoday Textile Mills is an old and reputable textile manufacturing company based in Surat. The company has been operating for the past 40 years and is known for the quality of its products. However, in the last few years, the company has been facing some serious challenges due to changing markets, technological advancements and the expectations of the new generation of employees.

The company's management has decided to purchase new automated machinery to modernize the factory. These new machines will increase production capacity and reduce costs, but this will require new training for the older and less educated employees. But most of the company's employees have been working for decades. They do not have the technical skills required to operate the new automated machines. Giving them new training is a challenge as they are resistant to change.
Also, it is necessary to recruit engineers and supervisors with new technical knowledge.
However, traditional company like Suryoday Textile Mills is not very attractive to the new generation of employees.
In addition, there is a possibility of conflict between the old and new employees regarding working methods and work culture. Older employees are not willing to adopt new methods, while new employees may challenge old traditions.
You have been appointed as the new Human Resources Manager of Suryodaya Textile Mills. What steps will you take to resolve this situation?

---